# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૩૦-A તા.૨૦-૦૩-૨૦૨૩

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- નવી વર્ધિત પેન્શન યોજના (એન.પી.એસ.) અંતર્ગત ફાળાની કપાતનો વિકલ્પ આપવા બાબત.

સંદર્ભ :- (૧) નાણા વિભાગ ઠરાવ ક્રમાંકઃ નપન/૧૦૨૦૧૧/ડી/૨૪૫/પી(પા.ફા.૧) સચિવાલય ગાંધીનગર. તા. ૨૯-૧૦-૨૦૨૨

(૨) ઠરાવ ક્રમાંક : નપન / ૧૦૨૦૧૧ / ડી / ૨૪૫ / પી (પા.ફા.૧) સચિવાલય ગાંધીનગર. તા.૧૬-૦૩-૨૦૨૩

(૩) ન. પ્રા. શિ. સમિતિ, અમદાવાદ પરિપત્ર નં.૮૮ તા.૨૨-૧૧-૨૦૨૨

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,અમદાવાદનાં તા.૦૧-૦૪-૨૦૦૫ કે ત્યારબાદ નિયમિત નિમણૂંક પામેલ શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક કર્મચારીઓને નવી વર્ધિત પેન્શન યોજના (એન.પી.એસ.) હેઠળ આવરી લેવામાં આવેલ છે. નવી વર્ધિત પેન્શન યોજના અંતર્ગત કર્મચારીના મૂળ પગાર + મોંઘવારી ભથ્થાની ૧૦ % રકમ ફરજિયાત કપાત સામે રાજય સરકાર દ્વારા ૧૦% સમાન ફાળા તરીકે તેમજ કર્મચારીના મૂળ પગાર + મોંઘવારી ભથ્થાની ૧૨ % રકમ સામે સમાન સરકારી ફાળા પેટે ૧૨% અને કર્મચારીના મૂળ પગાર + મોંઘવારી ભથ્થાની ૧૪% રકમ સામે સમાન સરકારી ફાળા પેટે ૧૪% રકમ જમા કરવામાં આવે છે. ઉક્ત બાબતે નવી વર્ધિત પેન્શન યોજના હેઠળના કર્મચારીઓને એન.પી.એસ. ફાળાની કપાતનો વિકલ્પ આપવાની સમય મર્યાદા નક્કી કરવાની બાબત વિચારણા હેઠળ હતી.

૧. નવી વર્ધિત પેન્શન યોજના હેઠળના કર્મચારીઓને તા.૨૯-૧૦-૨૦૨૨ના ઠરાવના પારા-૪માં દર્શાવેલ "નાણાંકીય વર્ષમાં એક વાર વિકલ્પ આપ્યા બાદ કોઈપણ સંજોગોમાં બદલી શકાશે નહી"ના સ્થાને આગામી નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે એન.પી.એસ. ફાળાની કપાતનો નવો વિકલ્પ આપવો હોય તો તા.૩૧-૦૩-૨૦૨૩ સુધીમાં આપવાનો રહેશે.
૨. ત્યાર પછીના આગામી નાણાંકીય વર્ષો માટે નવી વર્ધિત પેન્શન યોજના હેઠળના શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક કર્મચારીઓએન.પી.એસ. ફાળાની કપાતના નવો વિકલ્પ આપવા માંગતા હોય તો તેની અગાઉના નાણાંકીય વર્ષના માર્ચ મહિનાની પ્રથમ તારીખથી ૧૫ તારીખ સુધીમાં વિકલ્પ આપવાનો રહેશે.

તા.૨૦-૦૩-૨૦૨૩

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી